# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-06-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. સોસાયટી, એસોસિએશન અને NTC ના અલોટમેન્ટ લેટર-શેર સેર્ટિફિકેટ દ્વારા તબદીલી માટેની ડ્યુટીની 80 ટકા રકમ માફ કરાશે.
2. કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ ભાવનગરમાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ વરિષ્ઠ નાગરીકો માટે મૂલ્યાંકન કેમ્પનો આરંભ કરાવ્યો
3. બનાસ ડેરીની પશુપાલકોને મોટી ભેટ- પશુ દાણમાં બોરી દીઠ 80 રૂપિયાનો ઘટાડો કર્યો
4. રાજ્યના 132 તાલુકામાં આજે વરસાદ-આગામી ત્રણ દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી
5. ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધા 2025માં રાજકોટના દેવ ભટ્ટે બે સંવર્ગમાં ખિતાબ જીતીને બેવડી સિદ્ધિ હાંસલ કરી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## CM TRANSFER DUTY

રાજ્યના નાના અને મધ્યમ વર્ગીય લોકોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણય મુજબ સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન દ્વારા અલોટમેન્ટ લેટર - શેર સેર્ટિફિકેટથી કરાયેલી તબદીલી માટે ભરવા પાત્ર ડ્યુટીની ૪૦ ટકા સુધીની રકમ માફ કરાશે. આ મહત્વપૂર્ણ મહેસુલી નિર્ણય અનુસાર એલોટમેન્ટ લેટર, શેર સર્ટિફિકેટથી કરવામાં આવેલી તબદીલી માટે ભરવા પાત્ર સો ટકા ડ્યુટીની રકમ પૈકી માત્ર 20 ટકા જેટલી ડ્યુટી વસૂલ કરવામાં આવશે. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ 1958ની કલમ 9(ક) અન્વયે ભરવા પાત્ર આવી રકમમાં છૂટછાટ અપાશે. આ  સકારાત્મક અને નાગરિક હિત કેન્દ્રી અભિગમથી આવા તબદીલીના કિસ્સાઓમાં લોકો ઉપર દંડની રકમનો કોઈ જ વધારાનો નાણાકીય બોજ પડશે નહીં.

ઉલ્લેખનીય છે કે આ નિર્ણયના અનુસંધાને જારી કરવામાં આવનારા જાહેરનામાની જોગવાઈઓ માત્ર સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન્સ દ્વારા એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટથી કરાયેલી તબદીલીઓ માટે જ લાગુ પડશે.

. . . . . . . . . . .

## Nimuben Bambhaniya -Vayoshree Camp

ભાવનગર સર.ટી હોસ્પિટલ ખાતે આજે \"રાષ્ટ્રીય વયોશ્રી યોજના\"હેઠળ મૂલ્યાંકન પ્રક્રિયાનો કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાએ પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રીમતી બાંભણીયાએ જણાવ્યું..

કેન્દ્ર સરકારની સશક્ત વયોવૃદ્ધ, સશક્ત સમાજ તરફની આ યોજના અંતર્ગત જિલ્લામાં 15 દિવસ સુધી લાભાર્થીઓનું મૂલ્યાંકન કરી સાધનોની ફાળવણી કરાશે.

(બાઈટ:નિમુબેન બાંભણીયા, કેન્દ્રીય રાજયમંત્રી, કેન્દ્ર સરકાર)

આ યોજના અંતર્ગત 60 વર્ષથી વધુ ઉંમરના લોકો કે જેને ચાલવાની લાકડી, વ્હીલ ચેર, વોકર, કાનનું મશીન, ઘૂંટણ અને કમરના બેલ્ટ, કુત્રિમ દાંત સહિતના 15 જેટલા સાધનો મૂલ્યાંકન બાદ આપવામાં આવનાર છે. જેની જરૂરી ડોક્યુમેન્ટ સાથેની નોંધણી પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવી છે. સાથે સાથે જરૂરિયાતમંદ વૃદ્ધોને પેન્શન અને આયુષ્યમાન કાર્ડ અંગેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

. . . . . . . . . . .

# BANASKANTHA MARKET ELECTION

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા માર્કેટ યાર્ડમાં આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થયું. જ્યારે આવતીકાલે ચૂંટણીનું પરિણામ જાહેર થશે.

થરા માર્કેટ યાર્ડની મુદ્દત પૂર્ણ થતા ચૂંટણી યોજાઈ હતી, આ માર્કેટ યાર્ડમાં છેલ્લા 11 મહિનાથી વહીવટદારનું શાસન હતું જે બાદ ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતા સહકારી અગ્રણીઓ ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું, જેમાં ભાજપ પ્રેરિત પરિવર્તન પેનલના 14 સભ્યોને મેન્ટેડ આપવામાં આવ્યા

હતા, જેને લઇ પૂર્વ ચેરમેન અણદાભાઈ પટેલ નારાજ થતાં તેમને પણ પેનલ બનાવી હતી. માર્કેટ યાર્ડમાં વેપારી વિભાગના ચાર ડિરેક્ટર પદ તેમજ ખેડૂત વિભાગના 10 ડિરેક્ટર પદ માટે આજે થરા માર્કેટયાર્ડ ખાતે મતદાન યોજાયું હતું.

. . . . . . . . . . .

# Banas Dairy Bhaav Ghatado

બનાસડેરીએ પશુ દાણમાં 80 રૂપિયાનો ઘટાડો કર્યો છે. પશુદાણના ભાવમાં ઘટાડો થતા પશુપાલકોના ખર્ચમાં પણ ઘટાડો થશે, આ ઘટાડાથી બનાસડેરીના દૂધ ઉત્પાદક પશુપાલકોને 95 કરોડનો વાર્ષિક ફાયદો થશે. આ અંગે બનાસડેરીના મેનેજિંગ ડીરેક્ટર સંગ્રામસિંહ ચૌધરીએ વધુ માહિતી આપી.

(બાઇટ - સંગ્રામસિંહ ચૌધરી, MD બનાસડેરી)

. . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી ત્રણ દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાને પગલે હવામાન વિભાગે આજે સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, વલસાડ, દમણ, દાદરા

નગર હવેલીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું. આગામી એક અઠવાડિયા દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું હતું.

(બાઇટ: ડૉ.એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ )

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. આજે 132 તાલુકામાં વરસાદ પડ્યો છે. પોરબંદર જિલ્લાના રાણાવાવમાં સૌથી વધુ ત્રણ ઇંચ વરસાદ નોંધાયો છે. જૂનાગઢ જિલ્લાના માણાવદર અને જૂનાગઢ શહેરમાં અઢી ઇંચથી વધુ વરસાદ વરસ્યો. જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકામાં બે ઈંચથી વધુ, ખંભાળિયા અને ભાણવડમાં પોણા બે ઇંચ વરસાદ વરસ્યો છે. આ સાથે કચ્છ જિલ્લાના માંડવી અને મુંદ્રા સહિત રાજ્યના 11 જિલ્લામાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. બીજી તરફ છોટાઉદેપુર જિલ્લામાં વરસાદે વિરામ લેતા ખેડૂતોએ કપાસ, મકાઈ, તુવેર અને સોયાબીનનું વાવેતર કરવાની શરૂઆત કરી છે.

રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો સરેરાશ 32 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો, રાજ્યમાં 19 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 13 એલર્ટ અને 14 વોર્નિંગ પર છે. આ સાથે રાજ્યના 13 જળાશય સંપૂર્ણ ભરાયા છે.

રાજ્યમાં અત્યાર સુધી 676 લોકોનું રેસ્ક્યૂ કરાયું છે જેમાં સુરત જિલ્લામાં સૌથી વધુ 434 લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. રાજ્યમાં NDRFની 13 અને SDRFની 20 ટુકડી તહેનાત કરવામાં આવી છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં 90 માર્ગ બંધ કરવામાં આવ્યા હતા ત્યાર બાદ આજે 8 માર્ગ પૂર્વવત કરાતા હાલ 82 માર્ગ બંધ છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# Bhuj Kharek International Conference

ભુજમાં સ્મૃતિવન ખાતે ખારેકમાં તકનીકી નવીનતા અને ટકાઉ વિકાસના વિષય પર આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી.

આ પરિષદમાં ખારેક સંશોધન કેન્દ્ર મુન્દ્રા દ્વારા ખારેકની ૧૪૦થી વધુ પ્રજાતિ તેમજ જીનોટાઇપનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં

મુખ્યત્વે કચ્છમાં જોવા મળતી વિવિધ ખારેકની જાતો જોવા મળી હતી. આ ઉપરાંત અમેરિકા, મોરોક્કો અને ફિનલેન્ડના કૃષિ વૈજ્ઞાનિકોએ ખારેક ઉપર પોતાના સંશોધન પણ રજૂ કર્યા હતાં.

દેશભરમાંથી ૧૩૦ કૃષિ વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ તેમજ મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતના રાજ્યોમાંથી ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતાં. આ પરિષદ દ્વારા ખારેકના સંશોધન અને વિકાસને લગતા વિવિધ વિષયો પર ૨ દિવસ ચર્ચા કરવામાં આવશે.

. . . . . . . . . . .

# TABLE TENNIS

બીજી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધા 2025માં રાજકોટના દેવ ભટ્ટે અંડર-15 અને અંડર-13 એમ બે સંવર્ગમાં ખિતાબ જીતીને બેવડી સિદ્ધિ હાંસલ કરી છે. કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં અંડર-15માં 11 વર્ષના દેવ ભટ્ટે અમદાવાદના દ્વિજ ભાલોડિયાને ફાઇનલમાં 3-1થી હરાવીને ખિતાબ પોતાના નામે કર્યો હતો ત્યારબાદ તેણે સફળતા આગળ ધપાવતાં અંડર-13માં કચ્છના બીજો ક્રમાંક ધરાવતા ધ્રુવ ભાંભાણીને 3-1થી જ હરાવીને બીજો એક ખિતાબ જીત્યો હતો.

. . . . . . . . . . .

# Surat organ donation

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૪૮ કલાકમાં ત્રણ સફળ અંગદાન થયા છે. અગાઉ સુરતના બમરોલીના શર્મા અને નર્મદાના વસાવા પરિવાર બાદ આજે તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાની બ્રેઈનડેડ થયેલી ૧૩ વર્ષીય કિશોરીનું અંગદાન થતા વધુ ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળશે. ગ્રામ્ય નાગરિકોમાં પણ અંગદાનની જાગૃત્તિ સાથે નવી સિવિલ હોસ્પિટલમાં ૭૦મુ અંગદાન થયું છે.

. . . . . . . . . . .

# ARVALLI SAKHI MANDAL

અરવલ્લી જિલ્લાની મોડાસા નગરપાલિકા દ્વારા પર્યાવરણ બચાવવા અને પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવવા માટે વિશેષ અભિયાન કરાયું છે. જેમાં બિન ઉપયોગી કપડામાંથી, કાપડની થેલી બનાવવા માટેની ઝુંબેશ શરૂ કરી છે. આ માટે સખી મંડળની બહેનો નગરજનો પાસેથી મળેલ કાપડમાંથી નિ:શુલ્ક થેલી બનાવી આપે છે. આ અંગે સખીમંડળના સભ્ય પારૂલબેન રાજવીએ વધુ માહિતી આપી.

(બાઈટ : પારૂબેન, સભ્ય, સખી મંડળ)

. . . . . . . . . . .

# Panchmahal Bharti Melo

પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે રોજગાર ભરતી મેળો અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. આ ભરતી મેળામાં, જિલ્લાની ૬ નોકરીદાતા કંપનીઓ દ્વારા ટ્રેની, હેલ્પર, ઓપરેટર, ફાઈનાન્સ પ્લાનર, ફિલ્ડ ઓફીસર, લોન ઓફીસર, ઇવેલ્યુટર જેવી ૧૨૦થી વધુ ટેકનિકલ અને નોન ટેકનિકલ જગ્યાઓ માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જે પૈકી ૭૪ ઉમેદવારોની ઈન્ટરવ્યુ પ્રક્રિયાના માધ્યમથી સ્થળ પર જ પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

. . . . . . . . . . .